ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# પંચમહાલ-દાહોદ



# ચોથા નોરતે દાહોદમાં યુવાધન હિલોળે ચઢ્યુ








**દાહોદ :** આધાશક્તિની ભક્તિના મહા પર્વ શારદીય નવરાત્રી અંતર્ગત દાહોદ શહેર અને જિલ્લાભરમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. નવરાત્રીના ચોથા દિવસે જગતજનની માં અંબાના ચોથા સ્વરૂપ એવા માં "કુષ્માંડા'ની ભાવ પૂર્વક પૂજા-અર્ચના કરવામાં આવી. આ પાવન અવસરે શહેરના વિવિધ ગરબા પંડાલો અને મંદિરો ખાતે વિશેષ ધાર્મિક અનુષ્ઠાનો તથા મહાઆરતીનું આયોજન કરાયું હતું. ચોથા નોરતે દાહોદના વિવિધ પાર્ટી પ્લોટો, સોસાયટીઓ અને ગરબા મંડળોમાં ખેલૈયાઓ માટે વિશેષ તૈયારીઓ કરવામાં આવી હતી. પરંપરાગત વસ્ત્રોમાં સજ્જ થઈ ને યુવા વર્ગ ગરબા રમવા માટે ઉત્સાહભેર ઉમટી પડ્યા હતા . આયોજકો દ્વારા ગરબાના સ્થળો પર સુંદર રોશની અને ધ્વનિ-પ્રકાશની વિશેષ વ્યવસ્થાઓ કરવામાં આવી હતી, જેથી ખેલૈયાઓને રમવામાં ઉત્સાહ વધે. બીજી તરફ, તહેવારના આ માહોલમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા ટ્રાફિકની સમસ્યા ન સર્જાય તે માટે દાહોદ પોલીસ તંત્ર દ્વારા પણ સઘન બંદોબસ્ત અને પેટ્રોલિંગ ગોઠવવામાં આવ્યું છે. ચોથા નોરતના આ ભક્તિસભર મહોત્સવમાં દાહોદવાસીઓમાં ભારે થનગનાટ જોવા મળી રહ્યો હતો અને સમગ્ર નગર ભક્તિમય રંગે રંગાઈ ગયું હતુ

### હાલોલ ટાઉન પોલીસની આબરૂના ધજાગરા ઉડ્યા

## કસ્ટડીમાં પોકસો કેસનો આરોપી બાથરૂમની બારી તોડી ફરાર

**આરોપી ફરાર થતાં પોલીસ તંત્રમાં દોડધામ મચી ગઇ**

(પ્રતિનિધી) હાલોલ, તા.14

હાલોલ ટાઉન પોલીસ સ્ટેશનની કાયદેસરની કસ્ટડીમાં રહેલો ગંભીર ગુનાઓના કેસનો આરોપી પોલીસ ની નજર ચૂકવીને બાથરૂમની બારી તોડીને પ્રથમ માળેથી કૂદીને ભાગી છૂટ્યો. તેથી પોલીસ તંત્ર સામે બંદોબસ્ત અને કસ્ટડીની વ્યવસ્થાના ગંભીર સવાલો પણ ઊભા થયા છે દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના બિયા માળી ગામના કોલેજ ફળિયામાં રહેતો આશિષભાઈ હિતેશભાઈ વસોયા હાલોલ ટાઉન પોલીસ સ્ટેશન



મા ગંભીર ગુનાઓમાં નોંધાયેલ છે તેની સામે પ્રોકશો અધિનિયમ 2012 ની કલમ હેઠળ તથા ભારતીય ન્યાય સંહિતા વિવિધ કલમો હેઠળ ગુના નોંધાયેલા છે આ કેસમાં આરોપીની મેડિકલ તપાસ પ્રક્રિયા અધુરી રહેતા તેને ગોધરા સબ જેલમાં થી કબજામાં લઈ હાલોલ રેફરલ હોસ્પિટલ ખાતે રજૂ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પોલીસ આરોપીને મેડિકલ તપાસ માટે હાલોલ રેફરલ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યો હતો હોસ્પિટલમાં નમૂના લેવાની પ્રક્રિયા બાકી હોવાથી વધુ પડતી ગીરદીના કારણે તેને હાલોલ ટાઉન પોલીસ સ્ટેશનની સર્વવેલન્સ સ્ટાફ ના પ્રથમ માળે લઈ જવામાં આવ્યો હતો. ત્યાંથી આરોપીને કુદરતી હાજતે જવાનું થતા તે બાથરૂમમાં ગયો હતો તે સમયે પોલીસ દરવાજાની બહાર ઊભેલ હતી પણ સમય વીતતા કોઈ પણ પ્રકારનો અણસાર નહીં મળતા દરવાજો ખોલીને જોયું તો બાથરૂમની બારી તોડીને આરોપી પ્રથમ માળેથી ભૂસકો મૂકી ભાગી છૂટ્યો હતો.

### 'નારીનું અપમાન, સહન નહીં કરાય'

## દાહોદ જિલ્લા ભાજપ મહિલા મોરચાનો જૂની નગરપાલિકા ખાતે વિરોધ પ્રદર્શન

(પ્રતિનિધી) દાહોદ, તા.14

'નારીનું અપમાન, સહન નહીં કરાય' દાહોદ માં ભાજપ મહિલા મોરચાનો ઉગ્ર વિરોધ મહિલાઓ સામે થતા અન્યાય, અપમાનજનક ટિપ્પણીઓ અને મહિલા સુરક્ષાના મુદ્દે દાહોદ જિલ્લા ભાજપ મહિલા મોરચા દ્વારા ઉગ્ર વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. શહેર સ્થિત જૂની નગરપાલિકા કાર્યાલય ચોક ખાતે એકત્રિત થયેલી મહિલા કાર્યકરો અને હોદ્દેદારોએ નારી શક્તિના સમર્થનમાં જોરદાર સૂત્રોચ્ચાર કરીને વિરોધ નોંધાવ્યો હતો.જૂની નગર પાલિકા ચોક ખાતે આયોજિત આ પ્રદર્શન દરમિયાન મહિલા કાર્યકરોએ 'નારીનું અપમાન, સહન નહીં કરાય' અને 'મહિલા સન્માન જાળવો' જેવા સૂત્રોથી સમગ્ર વિસ્તાર ગૂંજવી મુક્યો હતો. વિપક્ષી નેતાઓ કે અસામાજિક તત્વો દ્વારા મહિલાઓ પ્રત્યે કરવામાં આવતી અશોભનીય ટિપ્પણીઓ અને અયોગ્ય વર્તન સામે મહિલા મોરચાએ આક્રોશ વ્યક્ત કર્યો હતો અને મહિલા સમાજની સુરક્ષા તથા સન્માન જાળવી રાખવાની સખત માંગ કરી હતી. આ વિરોધ પ્રદર્શનમાં દાહોદ જિલ્લા ભાજપ મહિલા મોરચાના પ્રમુખ, મહામંત્રીઓ તેમજ વિવિધ વોર્ડ અને તાલુકા કક્ષાના હોદ્દેદારો અને મોટી સંખ્યામાં મહિલા કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

### કાલોલના કાલંત્રા ગામે દીપડાનો આતંક

## વાછરડા પર તરાપ મારતા દીપડાનો વીડિયો વાયરલ થતાં ગ્રામજનોમાં ફફડાટ

(પ્રતિનિધી) કાલોલ, તા.15

કાલંત્રા ગામે મોડી રાત્રે શિકારની શોધમાં નિકળેલો એક દીપડો સીધો રહેણાંક વિસ્તાર સુધી પહોંચી ગયો હતો. ગામના એક વાડામાં બાંધેલા વાછરડાને જોઈને દીપડાએ તેના પર અચાનક હુમલો કરી દીધો હતો અને તેને દબોચવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, તે જ સમયે થયેલા અવાજ અને આસપાસની હલચલના કારણે દીપડો ગભરાઈને અંધારામાં નાસી છૂટ્યો હતો. અવાજ સાંભળીને ઘરના સભ્યો અને આસપાસના ગ્રામજનો તાત્કાલિક જાગીને દોડી આવ્યા હતા, પરંતુ ત્યાં સુધીમાં દીપડો રફૂચક્કર થઈ ગયો હતો. સીસીટીવી



ફૂટેજમાં દીપડાની આ હિલચાલ સ્પષ્ટ નજરે પડતાં ગ્રામજનો સ્તબ્ધ થઈ ગયા હતાઆ ઘટના બાદ કાલંત્રા ગામ અને આસપાસના વિસ્તારમાં ફફડાટ ફેલાઈ ગયો છે. દીપડો ગામની આસપાસના ખેતરો, કોતર અને સીમ વિસ્તારમાં સતત આંટાફેરા કરતો હોવાની આશંકા સેવાઈ રહી છે. ખેતરોમાં દીપડાના પગના નિશાન પણ જોવા મળ્યા છે, જેના કારણે સ્થાનિક ખેડૂતો અને પશુપાલકો વહેલી સવારે કે રાત્રિના સમયે ખેતરે જતાં પણ થથરી રહ્યા છે. રાત્રિના સમયે ઘરની બહાર નીકળવું પણ જોખમી બન્યું છે. કાલંત્રા ગામે રહેણાક વિસ્તાર સુધી દીપડો પહોંચી જવાની આ ઘટનાથી લોકોમાં ભારે રોષ અને ચિંતા જોવા મળી રહી છે. ગ્રામજનો દ્વારા વન વિભાગ સમક્ષ ઉગ્ર માંગ કરવામાં આવી છે કે આ વિસ્તારમાં તાત્કાલિક ધોરણે પાંજરું ગોઠવવામાં આવે અને આ હિંસક દીપડાને વહેલી તકે પકડીને સુરક્ષિત જગ્યાએ ખસેડવામાં આવે, જેથી કોઈ મોટી અનિચ્છનીય ઘટના બનતી અટકાવી શકાય.

## ખરોડમાં અગાઉના ઝઘડાની અદાવતમાં મચેલા ધીંગાણામાં લાકડીઓ ઉછળી

દાહોદ : દાહોદ તાલુકાના ખરોડ ગામના કાંકરી ડુંગરી ફળિયામાં રહેતા ગુંડીયા પરિવારના વાસુદેવભાઈ મસુરાભાઈ, વિનોદ ભાઈ વાસુદેવભાઈ, નરેશ ભાઈ વાસુદેવભાઈ, શૈલેષભાઈ વાસુદેવભાઈ, અર્જુનભાઈ રમેશભાઈ, રાજેશ ભાઈ વાસુદેવભાઈ તથા સુનિલભાઈ રમેશભાઈ વગેરેએ ગત તારીખ ૪-૧૦-૨૦૨૬ ના રોજ મોડી સાંજના સાતેક વાગ્યાના સુમારે અગાઉના ઝઘડા ની અદાવત રાખી ગેરકાયદેસર મંડળી રચી, બેફામ બિભત્સ ગાળો બોલી તેમના ફળિયાના સુભાષચંદ્ર રાયસીંગભાઈ પોમાણી ના છોકરા જીતીન ઉર્ફે જીતેન્દ્રને વાસુદેવભાઈ મસુરભાઈ, શૈલેષભાઈ વાસુદેવભાઈ તથા રાજેશભાઈ વાસુદેવભાઈએ પકડી રાખી વિનોદભાઈ વાસુદેવભાઈએ તેના હાથમાંની લાકડી જીતેન્દ્રભાઈ પોમાણીના ડાબા પગે મારી તથા નરેશભાઈ વાસુદેવભાઈ ગુંડીયાએ સુભાષચંદ્ર રાયસીંગભાઈ પોમાણીને મોઢાના ભાગે ઝાપટ મારી ઈજા પહોંચાડી હતી. જ્યારે અર્જુનભાઈ રમેશભાઈએ લીલાબેનને છાતીના ભાગે છૂટ્ટો પથ્થર મારી ઈજા પહોંચાડી હતી તથા ઉપરોક્ત તમામ આરોપીઓએ ભેગા મળી મહિન્દ્રા સુપ્રો ગાડી પર છુટા પથ્થરો મારી ગાડીના સાઈડ ગ્લાસ તથા આગળનો મેઈન કાચ તોડી નાખી નુકસાન પહોંચાડી જાનથી મારી નાખવાની ધાક ધમકીઓ આપી હતી.

## કાલોલ કોર્ટનો મહત્વનો ચુકાદો: રૂ. ૨.૫૧ લાખના ચેક રિટર્ન કેસમાં આરોપીને ૧ વર્ષની કેદ

**રૂ. ૩ લાખનું વળતર ચૂકવવાનો હુકમ**

(પ્રતિનિધી) કાલોલ, તા.14

કાલોલની એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટે નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટ (NI Act) ની કલમ ૧૩૮ હેઠળના ચેક બાઉન્સના એક મહત્વના કેસમાં ચુકાદો આપતાં આરોપી મહેન્દ્ર કુમાર કાળુભાઇ પટેલને ૧ વર્ષની સાદી કેદની સજા અને રૂ. ૩,૦૦,૦૦૦નું વળતર ફરિયાદીને ચૂકવવાનો હુકમ કર્યો છે.ફરિયાદી અતીકકુમાર જયેશભાઇ શાહ (રહે. કાલોલ, જિ. પંચમહાલ) બિલ્ડીંગ મટીરીયલ્સનો ધંધો કરે છે. તેમણે મહેન્દ્ર કુમાર પટેલને વેચેલ બિલ્ડીંગ મટીરીયલ્સના બાકી નાણાં પેટે આરોપીએ રૂ. ૨,૫૧,૦૦૦ નો કોર્પોરેશન બેંક, હાલોલ શાખાનો ચેક (ચેક નં. 471098, તા. ૨૦/૧૨/૨૦૧૭) આપ્યો હતો. આ ચેક બેંકમાં જમા કરાવતાં "ખtemp/ ફંડ્સ ઈન્સફિશિયન્ટ" (ખાતામાં પૂરતું બેલેન્સ ન હોવા) ના એન્ડોર્સમેન્ટ સાથે પરત ફર્યો હતો.ચેક રિટર્ન થયા બાદ ફરિયાદીએ પોતાના વકીલ જે એસ પટેલ મારફતે નોટિસ મોકલી હોવા છતાં નાણાં ન ચૂકવાતાં કાલોલ કોર્ટમાં ઈ.સ. ૨૦૧૮માં ક્રિમીનલ કેસ નં. ૧૬૫/૨૦૧૮ દાખલ કરવામાં આવ્યો હતો.કેસની સુનાવણી દરમિયાન ફરિયાદી પક્ષે એડવોકેટ જે. એસ. પટેલ દ્વારા રજૂ કરાયેલા મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ, બેંક સ્ટેટમેન્ટ અને સુપ્રીમ કોર્ટના વિવિધ ચુકાદાઓને ધ્યાને રાખીને જજ પી. એસ. રાઉન્ડલે આરોપીને દોષિત ઠેરવ્યા હતા. કોર્ટે પોતાના આદેશમાં જણાવ્યું હતું કે:

1. આરોપી મહેન્દ્ર કુમાર કાળુભાઇ પટેલને NI Act ની કલમ ૧૩૮ હેઠળ ૧ વર્ષની સાદી કેદની સજા ફટકારવામાં આવે છે.
2. આરોપીએ ફરિયાદીને રૂ. ૩,૦૦,૦૦૦ (ત્રણ લાખ રૂપિયા) ૯% ના વાર્ષિક વ્યાજ સાથે વળતર પેટે ચૂકવવાના રહેશે.
3. જો આરોપી આ વળતરની રકમ ચૂકવવામાં નિષ્ફળ જશે, તો તેમણે વધુ ૩ મહિનાની સાદી કેદની સજા ભોગવવી પડશે.

## કાલોલના ડેરોલ સ્ટેશન પાસે 'મહાકાળી યુવક ગરબા મહોત્સવ'માં ખેલૈયાઓમાં ગરબે ઘૂમ્યા

કાલોલ : પવિત્ર નવરાત્રી મહોત્સવના ત્રીજા દિવસે કાલોલના ડેરોલ સ્ટેશન રોડ પર ધમધમતા મહાકાળી યુવક ગરબા મહોત્સવ ખાતે અનોખો જ ઉત્સાહ જોવા મળ્યો હતો. આજ રોજ ત્રીજા નોરતે માતાજીના જયઘોષ સાથે ભક્તિસભર માહોલમાં ગરબાનો શુભારંભ કરવામાં આવ્યો હતો. સાંજ પડતાં જ ગરબાના મેદાનમાં ખેલૈયાઓની ભારે ભીડ જામી હતી. મા અંબાના જયઘોષ અને ગુંજતા ગરબાના સૂરો સાથે યુવાધન મન મૂકીને ઝૂમતુ નજરે પડ્યું હતું.

પરંપરાગત અને આધુનિક ગરબાની રમઝટ વચ્ચે ખેલૈયાઓએ મંચ પર મનમોહક રાસ રજૂ કરી વાતાવરણને ભક્તિમય બનાવી દીધું હતું. આ ભવ્ય મહોત્સવને નિહાળવા અને ખેલૈયાઓનો ઉત્સાહ વધારવા માટે મોટી સંખ્યામાં સ્થાનિક નાગરિકો પણ ઉપસ્થિત રહ્યા હતા. આયોજકો દ્વારા ખેલૈયાઓની સુવિધા અને સુરક્ષા માટે પણ ઉત્તમ વ્યવસ્થાઓ કરવામાં આવી છે, જેને લઈને સમગ્ર પંથકમાં નવરાત્રીનો માહોલ સોળે કળાએ ખીલ્યો છે.


### જાહેર નોટીસ

અરજદારના વ.શ્રી. એ.કે.પરમાર

**ઝાલોદના મહે બીજા એડી.ચીફ જ્યુડી.મેજિસ્ટ્રેટ ની કોર્ટમાં મુ. ઝાલોદ**

ફો.પ.અ.નં. ૫૨૦/૨૦૨૬ મુદત તારીખ:- ૧૭/૧૦/૨૦૨૬

અરજદાર: ગણાવા મલસિંગભાઈ ફિલીપભાઈ, રહેવાસી: ગામડી, તા. ઝાલોદ, જિ. દાહોદ.
સામાવાળા: તલાટી કમ મંત્રી, ગામડી, ગ્રામ પંચાયત, ગામડી તા.ઝાલોદ, જી.દાહોદ

બાબત: જન્મ મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ ૧૩(૩) મુજબ

આથી આ નોટીસ થી જાહેર જનતા તેમજ લાગતા વળગતા હિત ધરાવતા તમામ ઈસમોને જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારના પુત્રી ગણાવા કિંજલબેન મલસિંગભાઈ નો જન્મ તા. ૧૨/૦૬/૧૯૯૮ ના રોજ ગામડી, તા.ઝાલોદ જી.દાહોદ મુકામે થયેલ. જે તે સમયે કાયદાની અજ્ઞાનતા અને અભણ હોવાના કારણે તેમના પુત્રીના જન્મ નોંધણી સામાવાળા ત.ક.મંત્રીના જન્મ રજીસ્ટરે કરાવવાની રહી ગયેલ. હાલમાં તેઓની પુત્રીના અભ્યાસ તથા અન્ય સરકારી કામકાજ માટે જન્મના દાખલાની જરૂર પડેલ જેથી સામાવાળા ત.ક. મંત્રીને અરજી કરતા તેઓએ રેકર્ડ તપાસી તા. ૨૮/૦૯/૨૦૨૬ના રોજ એવો દાખલો લખી આપેલ કે તેમના પુત્રીનું નામ જન્મ રજીસ્ટરમાં નોંધાયેલ નથી. જેથી જન્મનો દાખલો મેળવવા માટે અત્રેની નામદાર કોર્ટમાં ફોજદારી પરચુરણ અરજી નં. ૫૨૦/૨૦૨૬ થી દાખલ કરેલ છે.
સદરહુ જન્મનો દાખલો અરજદારને આપવા સામે જે કોઈ ઈસમો કે લાગતા વળગતાને વાંધો કે તકરાર હોય તો તેઓએ મુદત તારીખ ૧૭/૧૦/૨૦૨૬ના રોજ સવારના ૧૦:૩૦ કલાકે નામદાર કોર્ટમાં વાંધો યા તકરાર રજુ કરવા. જો તેમ કરવામાં કસુર કરશો તો નામદાર કોર્ટ યોગ્ય તે હુકમ કરશે જેની નોંધ લેશો. આજ તારીખ ૧૩ ઓક્ટોબર સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

તૈયાર કરનાર (એસ.બી.બામણીયા) (આસીસ્ટન્ટ) | મુકાબલ કરનાર (એસ.કે.ડામોર) (શિરસ્તેદાર) | કોર્ટનો સિક્કો | હુકમથી (રજિસ્ટ્રાર) એડી.ચીફ જ્યુડી.મેજી.કોર્ટ, ઝાલોદ

### જાહેર નોટીસ

અરજદારના વકીલ: વી.વી. સંગાડા

**ઝાલોદના મહે એડી.ચીફ જ્યુડી.મેજિસ્ટ્રેટ ની કોર્ટમાં મુ. ઝાલોદ**

ફિ. પ. અ. નં. ૫૯૮/૨૦૨૬ મુદત તારીખ: ૨૬/૧૦/૨૦૨૬

અરજદાર: કામોળ રમેશભાઈ ભલાભાઈ, રહેવાસી: બંબેલા, તા. ઝાલોદ, જિ. દાહોદ.
સામાવાળા: તલાટી કમ મંત્રી, બંબેલા, ગ્રામ પંચાયત બંબેલા, તા. ઝાલોદ, જિ. દાહોદ.

બાબત: જન્મ મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ ૧૩(૩) મુજબ

આથી આ નોટીસથી જાહેર જનતા તેમજ લાગતા વળગતા હિત ધરાવતા તમામ ઇસમોને આ નોટીસથી જણાવવામાં આવે છે કે, આ કામના અરજદારના પુત્ર કામોળ ગોવિંદભાઈ રમેશભાઈનો જન્મ તા. ૨૦/૧૨/૨૦૦૪ના રોજ તેમના ઘરે થયેલ, જે તે સમયે કાયદાના અજ્ઞાનતા અને અજાણ હોવાના કારણે તેમના પુત્રના જન્મની નોંધણી સામાવાળા ત.ક.મંત્રીના જન્મ રજિસ્ટરમાં કરાવવાની રહી ગયેલ, હાલમાં તેઓના પુત્રના અન્ય સરકારી કામકાજ માટે જન્મના દાખલાની જરૂર પડેલ જેથી સામાવાળા ત.ક.મંત્રીને અરજી કરતા રેકર્ડ તપાસી તા. ૧૨/૧૦/૨૦૨૬ના રોજ એવો દાખલો લખી આપેલ છે, તેમના પુત્રનું નામ જન્મ રજિસ્ટરમાં નોંધાયેલ નથી અને જન્મનો દાખલો મેળવવા માટે અમોએ નામદાર કોર્ટમાં ફોજદારી પરચુરણ અરજી નં. ૫૯૮/૨૦૨૬થી દાખલ કરેલ છે.
સદરહું જન્મનો દાખલો અરજદારને આપવા સામે જો કોઈ ઇસમો કે લાગતા વળગતાને વાંધો યા તકરાર હોય તો તેઓએ મુદત તારીખ - ૨૬/૧૦/૨૦૨૬ના રોજ સવારના ૧૦:૩૦ કલાકે નામદાર કોર્ટમાં વાંધો યા તકરાર રજૂ કરવી. જો તેમ કરવામાં કસૂર કરશે તો નામદાર કોર્ટ યોગ્ય તે હુકમ કરશે જેની નોંધ લેશો. આજ તારીખ ૧૪ ઓક્ટોબર સને ૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

તૈયાર તથા મુકાબલ કરનાર (કે.પી. રાવત) સી.ની. કલાર્ક | કોર્ટનો સિક્કો | હુકમથી (રજિસ્ટ્રાર) એડી.ચીફ જ્યુડી.મેજી.કોર્ટ, ઝાલોદ

### જાહેર નોટીસ

અરજદારના વ.શ્રી.એ.એમ.વસૈયા

**ઝાલોદના મહે એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ સાહેબશ્રી ની કોર્ટમાં, મુ. ઝાલોદ**

ફિ. પ. અ. નં. ૪૭૮/૨૦૨૬ મુદત તારીખ- ૨૧/૧૧/૨૦૨૬

અરજદાર: ડામોર મથુરભાઈ લીમાભાઈ, રહે: સુરપાળ ફળિયું,વરોડ તા.ગોવિંદગુરુ લીમડી,જી.દાહોદ
સામાવાળા: તલાટી કમ મંત્રી, ગ્રામ પંચાયત વરોડ, તા.ગોવિંદગુરુ લીમડી,જી.દાહોદ

બાબત: જન્મ મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ ૧૩(૩) મુજબ

આથી આ નોટીસથી જાહેર જનતા તેમજ લાગતા વળગતા હિત ધરાવતા તમામ ઇસમોને આ નોટીસથી જણાવવામાં આવે છે કે, આ કામના અરજદારના પુત્ર ડામોર આશિષભાઈ મથુરભાઈ નો જન્મ તા.૨૫/૦૫/૨૦૧૧ ના રોજ વરોડ,તા.ગોવિંદગુરુ લીમડી,જી.દાહોદ મુકામે થયેલ, જે તે સમયે કાયદાના અજ્ઞાનતા અને અભણ હોવાના કારણે તેમના પુત્રની જન્મ નોંધણી સામાવાળા ત.ક.મંત્રીના જન્મ રજિસ્ટરે કરાવવાની રહી ગયેલ, હાલમાં તેઓના પુત્રના અન્ય સરકારી કામકાજ માટે જન્મના દાખલાની જરૂર પડેલ જેથી સામાવાળા ત.ક.મંત્રીને અરજી કરતા રેકર્ડ તપાસી તા.૦૯/૦૯/૨૦૨૬ ના રોજ એવો દાખલો લખી આપેલ કે, તેમના પુત્રનું નામ જન્મ રજિસ્ટરમાં નોંધાયેલ નથી અને જન્મનો દાખલો મેળવવા માટે અત્રેની નામદાર કોર્ટમાં ફોજદારી પરચુરણ અરજી નં.૪૭૮/૨૦૨૬ દાખલ કરેલ છે.
સદરહું જન્મનો દાખલો અરજદારને આપવા સામે જે કોઈ ઇસમો કે લાગતા વળગાતાને વાંધો યા તકરાર હોય તો તેઓએ મુદત તારીખ - ૨૧/૧૧/૨૦૨૬ ના રોજ સવારના ૧૦:૩૦ કલાકે નામદાર કોર્ટમાં વાંધો યા તકરાર રજુ કરવા. જો તેમ કરવામાં કસુર કરશો તો નામદાર કોર્ટ યોગ્ય તે હુકમ કરશે જેની નોંધ લેસો. આજ તારીખ ૧૩ ઓક્ટોબર સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

તૈયાર તથા મુકાબલ કરનાર (જી.એલ.કામોલ) આસીસ્ટન્ટ | કોર્ટનો સિક્કો | (ડો.આઈ.એસ.ભાટી) એડી.ચીફ જ્યુડી.મેજી.ઝાલોદ

### જાહેર નોટીસ

અરજદારના વ.શ્રી

**એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડાની કોર્ટમાં**

કેસ. નં. ૮૭૦/૨૦૨૬ તા. ૧૨/૧૦/૨૦૨૬

અરજદાર : ગણાવા નિરમાબેન મહેશભાઈ રહે. ઝરીબુજર્ગ, તા. ગરબાડા, જિ. દાહોદ.
સામાવાળા: તલાટી કમ મંત્રીશ્રી, ઝરીબુજર્ગ, તા. ગરબાડા, જિ. દાહોદ.

બાબત: જન્મ મરણ અધિનિયમ કલમ: ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત.

આથી તમામ લાગતા વળગતા ઇસમોને જણાવવામાં આવે છે કે, અમોની કોર્ટના અરજદારશ્રી ગણાવા નિરમાબેન મહેશભાઈ પુત્ર નામે ગણાવા વિકાશભાઈ મહેશભાઈનો જન્મ તા. ૨૦/૧૦/૨૦૨૪ના રોજ ગામ ઝરીબુજર્ગ, તા. ગરબાડા, જિ. દાહોદ મુકામે તેમના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારના પુત્રના જન્મ થયેલ ત્યારે અરજદાર દ્વારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી, ઝરીબુજર્ગ, તા. ગરબાડા, જિ. દાહોદના જન્મ મરણ નોંધણી રજિસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારે તેમની પુત્રના જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદારે જન્મ મરણ અધિનિયમની કલમ નં. ૧૩(૩) મુજબ અમોની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.
જેથી ઉપરોક્ત બાબતે લાગતા વળગતા જો કોઈ ઇસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૭ (સાત) માં કે પહેલાં જાતે યા વકીલશ્રી મારફતે અમોની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસૂર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.

તારીખ: ૧૨/૧૦/૨૦૨૬
સ્થળ: ગરબાડા

કોર્ટનો સિક્કો | એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડા